**<u>નામદાર પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ સાહેબ પોરબંદર ની કોર્ટમાં</u>**

**<u>સ્પે.દિ.દર.નં.૦૯/૨૦૧૬</u>**

## –:: <u>આંક–૧ નીચે હુકમ</u> ::–

આજરોજ દરખાસ્તદાર તરફે વકીલ હાજર નથી. સદર કામનું રેકર્ડ વંચાણે લીધું, રેકર્ડ જોતા ફલિત થાય છે કે, સદર કામ ઘણા લાંબા સમયથી દરખાસ્તદાર તરફથી સાંભળવા પર મુલતવી છે.તેમ છતા વાદી તરફે કોઈ આગળની કાર્યવાહી કરવામા આવેલ નથી. આજદિન સુધી દરખાસ્તદાર તરફે કામ આગળ ચલાવવા કોઈ જ પ્રયાસ થયેલ નથી. દરખાસ્તદાર તરફે આ તબકકે કોર્ટ દવારા ઘણી મુદતો આપવામાં આવેલી છે. આમ, છતાં દરખાસ્તદાર તરફે સુનવણી માટે કોઈ જ ફળદાયી પ્રયત્ન થયેલ નથી. આમ, દરખાસ્તદાર તરફે સુનવણી માટે ઘણી મુદતોથી હાજર ન રહી કોર્ટનો કિંમતી સમય વ્યય કરેલ છે, આમ આ કામે હાલના દરખાસ્તદારની આ વર્તુણુંક જોતાં તેમને આ દરખાસ્ત આગળ ચલાવવામાં કોઈ જ રસ રહેલ હોય તેવું જણાતુ નથી, અને તેવું ફલિત થાય છે. આમ, આ હકીકતો અને આ રેકર્ડ જોતાં જેથી આ કામે દરખાસ્તદાર તરફે સુનવણી માટે હાજર ન રહેતા તેઓની આ કસૂર બદલ આથી હાલનો આ દરખાસ્ત કાઢી નાખવાનો ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવામાં આવે છે.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:પોરબંદર
તા.૧૬–૧૦–૨૦૨૩

રોનકબેન સૌરભભાઈ શાહ
(GJ00941)
પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ
પોરબંદર